


અંક-૨
ખંડ-૧૨
ડિસેમ્બર ૨૦૧૬


# કૃષિ ઉત્પાદન અને બજાર દર્શન

કૃષિ ઉદય...

## સરકારે ઘઉં જકાત મુક્ત આયાત કરવા પરવાનગી આપી...

કેન્દ્ર દ્વારા નવા પાકની વાવણી કરવાના સમયે જકાત મુક્ત ઘઉં આયાત કરવા માટેની પરવાનગી આપી છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલયે સતત રજૂઆત કરી કે ભારતે ૨૦૧૫-૧૬ માં પુષ્કળ ઘઉંના પાકનું ઉત્પાદ્ન કર્યુ હતુ. તેમના ૨જી ઓગસ્ટે પ્રકાશિત છેલ્લા અંદાજમાં, જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૫-૧૬માં ઘઉંનું ઉત્પાદન ૯૩.૫૦ મિલિયન ટન (MT) થયું હતું, જયારે ૨૦૧૪-૧૫ માં ૮૬.૫૩ મિલિયન ટન હતું. તેનાથી ઓછા ઉત્પાદન હોવાનો અંદાજ મુકવામાં આવ્યો હતો. આમ હોવા છતાં છેલ્લા રવી માર્કેટિંગ મોસમમાં (એપ્રિલ-જૂન) ઘઉંનો જથ્થો માત્ર ૨૨.૯૬ મિલિયન ટન સરકારી એજન્સીઓ દ્વારા પ્રાપ્ત થયો હતો કે જે અગાઉના વર્ષમાં તે જથ્થો ૨૮.૦૮ લાખ ટન હતો. કૃષિ મંત્રાલયના ઉચ્ચ ઉત્પાદ્નના અંદાજની સામે વર્ષ દરમિયાન ઊંચા તાપમાન અને ઋતુના પાછલા ગાળામાં ઓછા વરસાદ્ના કારણે દુષ્કાળ જેવી પરીસ્થિતિ ઉભી થતાં ઘઉંનું ઉત્પાદન ઘટી ૮૦-૮૫ મિલિયન ટન જેટલું ઓછુ થયું. જેથી લઈને સરકાર ઘઉં આયાત જકાત ૧૦ ટકાથી ૨૫ ટકા વધારવાની કેન્દ્ર સરકારને માટે ફરજ પડી હતી જેનાં કારણે ખાનગી વ્યાપારી વર્ગમાં અરાજકતા સર્જાઈ હતી. આ વધારેલી આયાત જકાત 31 માર્ચ, ૨૦૧૬ સુધી લાગુ કરવામાં આવી છે અને 30 જૂન પછી પણ લંબાવવામાં આવી હતી.

**FLIP-FLOP: DATE-WISE WHEAT IMPORT DUTY IN %**

| | |
|---|---|
| AUG 4, 2015 | 10 (applicable till 31.03.2016) |
| OCT 19, 2015 | 25 (applicable till 31.03.2016) |
| MAR 28, 2016 | 25 (applicable till 30.06.2016) |
| JUNE 17, 2016 | 25 (applicable without end date) |
| SEP 23, 2016 | 10 (applicable till 29.02.2017) |
| DEC 8, 2016 | 0 (applicable without end date) |

*Source: Central Board of Excise and Customs*

સંદર્ભ: ઇંડિયન એક્સપ્રેસ, ડિસેમ્બર ૧૩,૨૦૧૬


અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી
માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક
મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર
સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ
સંપાદક :
ડૉ. હેમંત શર્મા
વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા
પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ



પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

૧૭ જૂનના રોજ સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઇઝ એન્ડ કસ્ટમ્સ (સીબીઇસી)ની સૂચના જારી કરી કે ૩૦.૦૯.૨૦૧૬ બાદ અને અંતિમ તારીખ વગર ૨૫ ટકા ડ્યૂટી સાથે ઘઉંની આયાત જકાત  ચાલુ રહેશે. પરંતુ છેલ્લા થોડા મહિનામાં કેન્દ્રની અંદર ઘઉંના પાક ઉપલબ્ધતાના પ્રબળ સંકેત મળવાના કારણે કૃષિ મંત્રાલયના અંદાજો બદલાયેલા છે. તેથી જ ૨૩મી સપ્ટેમ્બરના રોજ આયાત જકાત અચાનક ૧૦ ટકા ઘટાડવામાં આવી હતી, અને તે ફેબ્રુઆરી ૨૯, ૨૦૧૭ (નવી પાકના આવતા માર્ચ) સુધી અમલી બનશે અને તે પણ અંતિમ તારીખ વગર.  સીબીઇસી તાજેતરની સૂચના મુજબ ૮ ડિસેમ્બરથી આયાત તદ્દન ડ્યૂટી ફ્રી કરવામાં આવી છે. કૃષિ મંત્રાલયના અહેવાલ મુજબ આ વર્ષે ઘઉંનું વાવેતર વધારે થશે. તેના પાછળનાં મુખ્ય કારણો જણાવે છે કે સારા વરસાદને કારણે જમીનની ગુણવત્તા અને તેમાં રહેલો ભેજ છે. ઉપરાંત શિયાળાની સારી શરૂઆતને લીધે ઘઉંના પાકનું અંકુરણ સારૂ થશે.

ખેડૂતોએ ૨૩ ડિસેમ્બર સુધીમાં ૨૭૮.૬૨ લાખ હેક્ટર જમીનમાં ઘઉંનું વાવેતર કાર્ય હતું. ગત વર્ષના આ જ સમયગાળા દરમિયાન ૨૫૯.૩૭ હેકટરમાં ઘઉંનું  વાવેતર થયું હતું.

ભારતીય દરિયાઈ બંદરો પર હાલમાં કાળા સમુદ્રી ના (યુક્રેન અને રશિયા) ઘઉં ટન દીઠ  ૨૧૦-૨૧૫ ની કિમતમાં ઉતરી રહ્યા છે. ઓસ્ટ્રેલિયના આયાતી ઘઉં પ્રતિ ટન ૨૨૫-૨૩૫ જેની આયાત કીમત થોડી વધારે છે. આયાત ઘઉં રૂ. ૧૬૨૫ પ્રતિ ક્વિન્ટલ કે જે ભારતીય ખેડૂતોને ચૂકવવાપાત્ર લઘુત્તમ ટેકાના ભાવ કરતાં પ્રતિ ક્વિન્ટલે રૂ. ૫૦-૨૦૦ સસ્તા રેહશે. વર્ષ ૨૦૧૬-૧૭ માં (એપ્રિલ-માર્ચ) ઘઉંની આયાતનો અંદાજ ૩.૫ મિલિયન ટન કરવામાં આવ્યો છે. જેમાંથી ૨ મિલિયન ટન કરતા વધારે દેશમાં આવી ગયા છે.

## ભારતનું પ્રથમ સંપૂર્ણપણે ઓર્ગેનિક રાજ્ય સિક્કિમ




હિમાલય નજીક આવેલ સિક્કિમ રાજ્ય જમીનથી કોઇ રેલ્વે માર્ગ અથવા વ્યાપારી વિમાની સેવાથી જોડાયેલું નથી આ રાજ્યમાં વર્ષો સુધી ૭૫૦૦૦ હેક્ટરની આસપાસ જમીન પ્રમાણિત ઓર્ગેનિક ફાર્મમાં રૂપાંતરિત કરવામાં આવી છે. ઓર્ગેનીક ખેતીએ કોઈપણ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના ઉપયોગને માન્યતા આપતું નથી અને આ ખેતી વિવિધ જટિલ પરિસ્થિતિ વચ્ચે સંતુલન જાળવી રાખવા માટે મદદકરે છે સમગ્ર રાષ્ટ્ર માટે હવે સિક્કિમ એક સુયોજિત રાજ્ય તરીકે કેલિફોર્નિયા, વિસ્કોન્સિન જેવા વિદેશી દેશોમાં કાર્બનિક રાજ્યો સાથે હાથ મિલાવી એક ઉદાહરણ આપ્યું છે

## મંત્રાલય દ્વારા ઈ–પશુહાટ પોર્ટલ (www.epashuhaat.gov.in) લોન્ચ....




કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ પ્રધાન શ્રી રાધા મોહન સિંહે રાષ્ટ્રીય દૂધ દિવસના પ્રસંગે ઈ-પશુહાટ પોર્ટલ (www. epashuhaat. gov.in) ને ૨૬ નવેમ્બર, ૨૦૧૬ થી શરૂ કરી છે. શ્રી સિંહ જણાવ્યું હતું કે, વિશ્વમાં પ્રથમ વખત નેશનલ મિશન હેઠળ આ યોજના બોવાઇન ઉત્પાદક સંવર્ધકો અને બોવાઇન ઈ-પશુહાટ પોર્ટલ પર germplasm (સુક્ષ્મજીવ) ઉપલબ્ધતા અંગે ખેડૂતો જોડાઈ શકે તે માટે વિકસાવવામાં આવ્યો છે. પોર્ટલ પર સંવર્ધકો દ્વારા ખેડૂતો પોતાના પશુના વીર્ય, એમ્બ્રોયો અને જીવંત પ્રાણીઓને વેચાણ માટે એજન્સીઓને માટે પોર્ટલ પર અપલોડ કરવામાં આવી છે. આ પોર્ટલના germplasm માં તમામ સ્વરૂપના સ્ટોક, માહિતી સંવર્ધન, ખરીદી કરી શકે છે. આ પોર્ટલ મારફતે ખેડૂતો દેશમાં વિવિધ એજન્સીઓ સાથે ગુણવત્તા રોગમુક્ત બોવાઇનની ખરીદી વગેરે germplasm ઉપલબ્ધતા વિશે માહિતગાર થશે અને આ પોર્ટલ ઉચ્ચ આનુવંશિક ગુણવત્તા માટે germplasm નો પ્રચાર તરફ દોરી જશે.


## રવી પાકનું ૫૫૪ લાખ હેક્ટરમાં રેકોર્ડબ્રેક વાવેતર

પ્રારંભિક અહેવાલો મુજબ ૨૦૧૫ માં રવિ પાક હેઠળ ૫૨૩.૪૦ લાખ હેક્ટરની સરખામણીમાં ૨૩ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં કુલ ૫૫૪.૯૧ લાખ હેક્ટર વિસ્તાર થવા પામેલ છે. ઘઉં પાક હેઠળ ૨૭૮.૬૨ લાખ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. જે ગયા વર્ષે ૨૭૮.૬૨ લાખ હેક્ટરમાં વાવેતર હતું. ડાંગરના પાક હેઠળનો વિસ્તાર ગયા વર્ષે ૧૩.૨૭ લાખ હેક્ટર હતો તે ઘટીને આ વર્ષે ૯.૩૩ લાખ હેક્ટર થયો છે. આ જ સમયગાળામાં કઠોળ પાક હેઠળનો વિસ્તાર ૧૨૫.૭૩ લાખ હેક્ટર રહ્યો છે. તેની સરખામણીએ ગયા વર્ષે ૧૩૮.૨૫ લાખ હેક્ટર સાથે વધુ હતો. બરછટ અનાજના પાક હેઠળનો વિસ્તાર ૫૪.૯૧ લાખ હેક્ટર રહ્યો છે જે ગયા વર્ષની સરખામણીમાં ૫૦.૬૩ લાખ હેક્ટર હતો જ્યારે તેલીબિયાં હેઠળ વાવેતર વિસ્તાર ગત વર્ષે ૭૦.૧૨ લાખ હેક્ટર જેટલી હતી જે આ વર્ષે ૭૮.૦૮ લાખ હેક્ટરમાં થતા તેમાં વધારો થયો છે.



| પાક | ૨૦૧૬-૧૭માં વાવેતર વિસ્તાર (લાખ હેક્ટર) | ૨૦૧૫-૧૬ માં વાવેતર વિસ્તાર (લાખ હેક્ટર) |
|---|---|---|
| ઘઉં | ૨૭૮.૬૨ | ૨૫૯.૩૭ |
| ચોખા | ૯.૩૩ | ૧૩.૨૭ |
| કઠોળ | ૧૩૮.૨૫ | ૧૨૫.૭૩ |
| બરછટ અનાજ | ૫૦.૬૩ | ૫૪.૯૧ |
| તેલીબિયાં | ૭૮.૦૮ | ૭૦.૧૨ |
| વાવેતર વિસ્તાર | ૫૫૪.૯૧ | ૫૨૩.૪ |

## ખેડૂતોને પાકના નુકશાન માટે સહાય




પ્રધાન મંત્રી વ્યાપક જોખમ ફસલ બીમા યોજના (PMFBY) હેઠળ પાકના નુકસાન સામે સહાય પૂરી પાડવામાં આવે છે પાક ઉત્પાદનને અટકાવતાં અનેક જોખમોને કારણે જેવા કે કુદરતી આગ અને આકાશી વીજળી; કરા સહીત વાવાઝોડું, ચક્રવાત, પૂર, જળબમ્બાકાર અને ભૂસ્ખલન; દુકાળ, સુકારો જેવા રોગોને આવરી લીધેલ છે. બીજી બાજુ, વાતાવરણ આધારિત વીમા યોજના (WBCIS) જેમ કે ઓછો કે વધારે વરસાદ, ઊંચા કે નીચા તાપમાન, ભેજ વગેરે જેવા પ્રતિકૂળ હવામાન

આધારિત ઘટનાથી પાક ઉત્પાદ્દન પર જે પ્રતિકૂળ અસર પડે છે તેની સામે આ વીમા રક્ષણ પૂરું પાડે છે. કેન્દ્ર સરકારે ઉત્પાદ્દકતા આધારિત પ્રધાનમંત્રી વ્યાપક જોખમ ફસલ વીમા યોજના ખરીફ ૨૦૧૬ થી અમલમાં મુકેલ છે. પહેલા તેની જગ્યાએ રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના અને સુધારેલી રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના અમલમાં હતી. સ્ટેટ ડીઝાસ્ટર રિસ્પોન્સ ફંડ અને નેશનલ ડીઝાસ્ટર રિસ્પોન્સ ફંડ, ગૃહ મંત્રાલયના તા.૮-૪-૨૦૧૫ ની માર્ગદર્શીકીમાં દર્શાવેલ વિગતો મુજબ ખેડૂતોને નાણાકીય સહાય પણ આપવામાં આવશે. આ સહાય એવા ખેડૂતોને મળવાપાત્ર રહેશે કે જેમનું ઉત્પાદ્દન કુદરતી આફતો જેવા કે હિમવર્ષા, ચક્રવાતો, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, સુનામી, આગ લાગવી, પુર, કર સહીત તોફાનો, ભૂસ્ખલન, જીવજંતુના ઉપદ્રવ વગેરેને કારણે ૩૩ ટકા કે તેથી વધુ અસર થઇ. ઉપરોક્ત દર્શાવેલા ફંડ હેઠળ વરસાદ આધારિત પ્રતિ હેક્ટર રૂ. ૬૮૦૦/- પ્રતિ હેક્ટર સિંચાઈ વિસ્તાર માટે ૧૩૫૦૦/- અને તમામ ફળાઉ પાકોના પ્રતિ હેકટર વિસ્તાર  રૂ. ૧૮૦૦૦/- સુધી નાણાકીય મદ્દ આપવામાં આવશે. ઉપરોક્ત દર્શાવેલ સહાયક ફંડો ખેડૂતોને અવરિત આર્થિક સહાય માટે જ છે. નહિ કે સઘન રીતે પાક નુકશાન  માટે.

આગળની બે વીમા યોજનાઓમાં ખેડૂતોને થતાં પાકના નુકશાનનો સંપૂર્ણ સમાવેશ થતો ન હતો તેથી તેની જગ્યાએ આ વીમા યોજનાને અમલી બનાવી છે. આ યોજના હેઠળ આ સિઝનમાં ૧૮.૫% ખેડૂતોને, ૧૫% વાવેતર વિસ્તારને અને ખરીફ ૨૦૧૫ ની સરખામણીએ ૧૦૪% સમ ઇન્સ્યોડને આવરી લેવામાં આવ્યા છે. દુષ્કાળ અસરગ્રસ્ત ઋતુ દરમ્યાન ૩૦૯ લાખ (૨૨.૩૩%) ખેડૂતોને વીમા હેઠળ આવરી લેવામાં આવ્યા હતા, અને કુલ આવરેલ વિસ્તાર ૩૩૯ લાખ હેક્ટર અને રૂ. ૬૯૩૦૭ કરોડ વિમાની રકમ હતી. નવી વીમા યોજનામાં બિન-લોન ધારણ ખેડ્તોની સંખ્યામાં છ ગણા વધારા સાથે તેના વિસ્તારમાં મોટો વધારો થયો છે. ખરીફ ૨૦૧૫ માં સમાવેશ થતાં ખેડૂતોની સંખ્યા ૧૪.૮૮ લાખ હતી તે વધી ખરીફ ૨૦૧૬ માં ૧૦૨.૬ લાખ ખેડૂતોની સંખ્યા થઇ છે, જે દર્શાવે છે કે આ વીમા યોજનાને ખેડૂતોએ સહર્ષ સ્વીકારી છે. આ યોજનાની બીજી મહત્વની સફળતા એ છે કે ખેડૂતોના ૧૦૪% સમ ઇન્સ્યોડ રકમમાં વધારો થયો છે .

## સરકારનો ૪.૦૬ લાખ ટન કઠોળની આયાતનો કરાર



આ વર્ષે સરકારે કરાર કરી અત્યાર સુધી ૪.૦૬ ટન કઠોળની આયાત કરી અને તેથી કુલ નિકાસ ૧૦ લાખ ટન વધી શકે છે. સ્થાનિક પુરવઠામાં થયેલ ઘટાડો અને વધેલી મોંઘવારીને લીધે સરકારે બે વર્ષ બાદ એટલે કે ૨૦૧૫થી કઠોળની આયાત કરવાનું શરૂ કર્યું. સ્થાનિક ઉત્પાદ્દન થયેલ કઠોળનું ઉત્પાદ્દન  અને આયાત દ્વારા ૨૦ લાખ ટન બફર સ્ટોક બનાવવા માટે નિર્ણય કરાયા હતા. આયાત સોદાથી અત્યાર સુધી કુલ કઠોળ પૈકી તુવેર ૧.૫૮ લાખ ટન, ૧.૩૫ લાખ ટન મસૂર, ચણા ૭૦ હજાર ટન અને અડદ ૪૨૫ હજાર ટન આયાત કરવામાં આવી હતી .કઠોળના ભાવ વધારા પર, ખાદ્દ્દાન્ન રાજ્ય મંત્રી શ્રી.સી.આર ચૌધરીએ જણાવ્યું હતું કે દુષ્કાળને કારણે છેલ્લા બે વર્ષમાં ચણા સહિત અન્ય કઠોળ ઉત્પાદ્દનમાં ઘટાડો થવાને કારણે કઠોળના ભાવમાં ઘટાડો થયો છે અને તેના માટે  સરકારી ધોરણે પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. સરકાર પણ હરાજી મારફતે સરકારી મધ્ય એજન્સીઓ અને હવે રાજ્ય માટે બફર સ્ટોક ઉભો કરવા ચણા સહિતની યોજના રજૂ કરી છે. સરકારે ચાલુ વર્ષ ૨૦૧૬-૧૭ ના કૃષિ  વર્ષ (જુલાઈ-જૂન) માં કઠોળ ઉત્પાદ્દનનો ૨૦.૭૫ મિલિયન ટનનો લક્ષ્યાંક રાખ્યો છે. જે અગાઉનો કઠોળ ઉત્પાદ્દન ૧૯.૨૫ મિલિયન ટન વર્ષ ૨૦૧૩-૧૪ માં કરવામાં આવ્યો હતો પણ  દુષ્કાળને કારણે તેમાં ઘટાડો નોંધાયો હતો.

બુક પોસ્ટ

પ્રતિ શ્રી

DOI : January- 05, 2017

મોકલનાર:
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬

Acknowledged the information used/taken from the public domain

Lajja : 02692-233864